# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) મન કી બાતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વૃક્ષારોપણ અને ગીરમાં ચિલોતરાના પુનઃસ્થાપનના પ્રયાસોને બિરદાવ્યા.

2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી સાથે વાતચીત કરી રાજ્યમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરી.

3) ચાર દિવસ સુધી ધમાકેદાર બેટિંગ કર્યા બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું.

4) ગ્રામીણ આવાસ માટે પ્લૉટ સમતળ અને જમીન વિકાસ સહાયમાં વધારો.

**5)** ક્રિકેટમાં, ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને 193 રનનો લક્ષ્યાંક આપ્યો.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં વિક્રમજનક વૃક્ષારોપણના પુનઃસ્થાપનના પ્રયાસોને બિરદાવ્યા છે. આકાશવાણી પર તેમના મન કી બાત કાર્યક્રમની 136મી કડીમાં દેશને સંબોધતા શ્રી મોદીએ સંતોષ વ્યક્ત કર્યો કે દેશભરના લોકો ‘એક પેડ મા કે નામ’ અભિયાન દ્વારા પ્રકૃતિ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે. જેમાં તેમણે અમદાવાદના ભાડજ વિસ્તારનું ઉદાહરણ આપ્યું.

## (BYTE : PM PLANTATION)

શ્રી મોદીએ એ વાત પર પણ ખુશી વ્યક્ત કરી કે ભારતીય ગ્રે હોર્નબિલ  એટલે કે ચિલોતરો પક્ષી લગભગ 60 વર્ષ પછી ફરી એકવાર ગીરના જંગલોમાં પોતાનું નિવાસસ્થાન બનાવી રહ્યું છે.

## (BYTE : PM HORNBILL)

# AMIT SHAH CM

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ફરી એક વખત મુખ્યમંત્રી સાથે વાતચીત કરી રાજ્યમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરી હતી.  દરમિયાન અમદાવાદ જિલ્લાના બાવળા અને સાણંદમાં પાણી ભરાવાની સમસ્યાના તાત્કાલિક ઉકેલ માટે મંત્રી અને અધિકારીઓને જવાબદારી સોંપાઈ. જેમાં શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા, મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડા, સનદી અધિકારી થૈનારશન અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સામેલ છે. આ મંત્રીઓ અને અધિકારીઓ આધુનિક મશીનરી સાથે તાત્કાલિક પાણીના નિકાલ માટે સાણંદ અને બાવળા મોરચો સંભાળશે.

# GUJARAT RAIN

ચારેક દિવસ સુધી ધમાકેદાર બેટિંગ કર્યા બાદ આજે રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. આજે 92 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. વલસાડના કપરાડામાં ત્રણ ઇંચ જેટલો વરસાદ વરસ્યો. જ્યારે બનાસકાંઠાના અમીરગઢમાં દોઢ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. સાંભળીએ એક અહેવાલ ..

## (V/C : SAVAJI CHAUDHARY)

બીજી તરફ રાજ્યના વિવિધ જિલ્લામાં રાહત અને બચાવ કામગીરીને વેગ અને જનજીવન પૂર્વવત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ભારે વરસાદથી અસરગ્રસ્ત બોપલ, શીલજ અને ગોતા વિસ્તારની ફરી મુલાકાત લીધી. જેમાં મોટાભાગના વિસ્તારોમાં પાણીનો નિકાલ થઈ જતાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થઈ હોવાનું નોંધાયું.

# WEATHER FC

રાજ્યમાં આજે છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વાવ થરાદ, બનાસકાંઠા, મહેસાણા સહિત ઉત્તર ગુજરાતમાં તેમજ મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં કેટલાક જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું, આગામી અઠવાડિયામાં વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. જેના કારણે 30 જુલાઈ આસપાસ રાજ્યમાં તેની અસર જોવા મળી શકે છે.

(BYTE: ABHIMANYU CHAUHAN, SCIENTIST)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VIBRANT VILLAGE DIU

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના MYBharat સ્વયંસેવક નિકિતા સોલંકીએ આજે વિકસિત વાઇબ્રન્ટ વિલેજ 2026 કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ પોતાના અનુભવો રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે દીવથી હિમાચલ પ્રદેશની સરહદી ચાંગો ગામ સુધી પહોંચીને તેમને સ્થાનિક લોકો, મહિલા પ્રતિનિધિઓ અને ગ્રામજનો સાથે જોડાવાની તક મળી. નિકિતાએ કહ્યું કે દીકરીઓ માટે વધતી તકો અને બદલાતી માનસિકતા એ નવા ભારતની ઓળખ છે.

# PLOT SAHAY

ગ્રામીણ ઘરવિહોણા કુટુંબોને, ઘર બાંધવા માટે ફાળવાયેલ મફત પ્લોટ સમતળ કરવાની સહાયમાં રાજ્ય સરકારે વધારો કર્યો છે. આ નિર્ણય અંતર્ગત ઘરવિહોણા ગ્રામીણ કુટુંબોને મકાન બાંધવા માટે ફાળવાયેલ મફત પ્લૉટ દીઠ જમીન સમતળ ખર્ચ તરીકે મળતી સહાય એક હજાર રૂપિયાથી વધારીને પાંચ હજાર રૂપિયા કરવામાં આવી છે. એટલું જ નહીં, ગામતળમાં મફત પ્લોટ ફાળવવા માટેની ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા માટે પ્રતિ હેક્ટર મળતી સહાય 50 હજારથી સીધી બે લાખ રૂપિયા સુધી વધારવાનો નિર્ણય કરાયો છે. એટલે કે પ્લૉટ સમતળ સહાયમાં પાંચ ગણો અને જમીન સમતળ સહાયમાં ચાર ગણો વધારો કર્યો છે.

આ નિર્ણયથી ગામડાઓમાં રહેણાંક માટે યોગ્ય જમીન તૈયાર કરવાનું કામ વધુ સરળ બનશે અને પરિવારોને ઘર બાંધવામાં આર્થિક રાહત મળશે.

# KARGIL VIJAY DIVAS

1999 ના કારગિલ યુદ્ધ દરમિયાન પોતાના જીવનું બલિદાન આપનારા ભારતીય સૈનિકોની બહાદુરીને માન આપવા માટે આજે દેશભરમાં કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ પાકિસ્તાન પર ભારતની જીત અને ઓપરેશન વિજયના સફળ સમાપનની 27મી વર્ષગાંઠ છે. આ ઓપરેશન દરમિયાન, ભારતીય સશસ્ત્ર દળોએ જમ્મુ અને કાશ્મીરના કારગિલ જિલ્લામાં પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓ દ્વારા ઘૂસણખોરી કરાયેલા પ્રદેશો પાછા મેળવ્યા હતા. આ દિવસ નિમિત્તે આજે સુરતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 100 ફૂટ ઊંચો ત્રિરંગો લહેરાવાયો. આ પ્રસંગે શ્રી સંઘવીએ દેશના વીર જવાનોના સાહસને બિરદાવ્યું.

**(BYTE: HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER)**

# AHMEDABAD BLAST

અમદાવાદમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટને આજે 18 વર્ષ પૂર્ણ થયા છે. 26 જુલાઇ 2008માં અમદાવાદ શહેર બોમ્બ વિસ્ફોટથી ધ્રુજી ઉઠ્યું હતું. વિવિધ 21 સ્થળોએ થયેલા આ વિસ્ફોટમાં 56 લોકોનાં મોત જ્યારે 200 થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કેસના 77 આરોપીઓ પૈકી 38 દોષિતોને ફાંસીની સજા ફરમાવવામાં આવી છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ T20 મેચ આજે હરારેમાં રમાઈ રહી છે. ભારતે ઝિમ્બાબ્વેને જીતવા 193 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 192 રન કર્યાં હતાં. ભારતના વૈભવ સુર્યવંશીએ અડધી સદી નોંધાવતા 81 રન કર્યાં હતા. 193 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં છેલ્લા અહેવાલ પ્રમાણે ઝિમ્બાબ્વેના 10 ઓવરમાં 4 વિકેટે 77 રન થયા છે. આ શ્રેણીમાં ભારતે 2-0થી અજેય સરસાઈ મેળવી છે.

# ONLINE FRAUD

માત્ર એક ઇ-મેઇલની ફરિયાદ પરથી અમરેલી પોલીસે ઓસ્ટ્રેલિયા સ્થિત છેતરપિંડીના પીડિતને 11 લાખ રૂપિયા પરત અપાવ્યા છે. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતના જણાવ્યા અનુસાર સિડનીમાં સ્થાયી થયેલા એક બિન-નિવાસી ભારતીયએ સોનું ખરીદવા માટે એપ્રિલમાં અમરેલીના એક વ્યક્તિને 11 લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે, પેમેન્ટ થઇ ગયુ હોવા છતાં તેમને સોનું ક્યારેય મળ્યુ નહોતુ. તેમણે જુન મહિનામાં ઇ-મેઇલથી ફરિયાદ કરી હતી. જેના આધારે સાયબર ક્રાઇમ ટીમે સંબંધિત બેંક સાથે સંકલન સાધ્યું, સતત કેસની તપાસ કરી ફરિયાદીને તેમની સંપૂર્ણ રકમ પરત અપાવી હતી.